# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી :-

| | |
|---|---|
| કોરોના સામે સાવચેતી | ચા અને પાનની દુકાને ગ્રાહકોના ટોળા ભેગા થતા જોવા મળશે તો દુકાન બંધ કરાવાશે : મ્યુનિ. કમિશનરશ્રીની જાહેરાત |

તા. ૩-૭-૨૦૨૦

કોરોનાની મહામારીની વર્તમાન સ્થિતિમાં નાગરિકો વધુ ને વધુ સતર્ક રહે અને સરકારશ્રીની માર્ગદર્શિકાનુ પાલન કરે તેમજ સોશિયલ ડિસ્ટન્સ આવશ્યકરીતે જાળવે તે ખુબ જ જરૂરી દેખાય છે. હજુ નાગરિકોમાં આ બાબતો અંગે પર્યાપ્ત જાગૃતિ દેખાતી નથી તે ચિંતાની વાત છે. નાગરિકો કોરોના વાયરસના સંક્રમણથી બચી શકે તેવા ઉમદા આશય સાથે આવતીકાલથી શહેરમાં જો ચા-પાનની દુકાનો પર ગ્રાહકોના સમૂહ જોવા મળશે તો એવી દુકાનો જાહેર સ્વાસ્થ્યના હિતમાં તત્કાલ બંધ કરાવવામાં આવશે તેમ મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જાહેર કરેલ છે.

તેમણે રાજકોટમાં સોશિયલ શિસ્તબદ્ધતા જળવાઈ રહે તે માટે સૌ નાગરિકો એલર્ટ બને તેવી અપીલ કરતા એમ જણાવ્યું હતું કે, ચા-પાનની દુકાનેથી લોકો ટેઈક અવે પધ્ધતિ એટલે કે પાર્સલ લઈ જવાનો જ આગ્રહ રાખે તે ઇચ્છનીય છે. દુકાનદારોએ પણ પોતાની દુકાન પાસે લોકોના ટોળા ભેગા ના થાય તેની કાળજી રાખવી જરૂરી છે. કોરોના વાયરસના ચેપથી બચવાનો ઉપાય નાગરિકો વચ્ચે આવશ્યક અંતર બની રહે તે છે. આ બાબતમાં બેકાળજીથી બીમારીને આમંત્રણ આપ્યા જેવું બની રહેશે. હાલના સમયમાં કોરોના વાયરસના પ્રસારને રોકવામાં સૌ નાગરિકોની ભૂમિકા અત્યંત અનિવાર્ય અને મહત્વપૂર્ણ બની છે. સામાજિક અને વ્યક્તિગત અંતર જાળવવું, હાથ વારંવાર સાફ કરવા, એકબીજા સાથે હાથ મિલાવવાને બદલે આવશ્યકરીતે નમસ્કારની મુદ્રાનો આશરો લેવો, માસ્ક પહેરવું, સહેજ પણ માંદગી જોવા મળે તો તુર્ત જ તબીબી સારવાર લેવી વગેરે જેવી બાબતોની કાળજી રાખવાથી કોરોનાને દુર રાખી શકાશે.

**(જન સંપર્ક અધિકારી)**
**રાજકોટ મહાનગરપાલિકા**